


**હેલ્થ ટાઈમ**

★ ડો. મંથન શેઠ

# વિદેશ પ્રવાસે જતા ભારતીય દર્દીઓ માટે આંખ ખોલે એવી ચેતવણી

## દવા તમારી છે પણ કાયદો તેમનો છે!

પાછલા અઠવાડિયે એક સમાચાર મનમાં ગુંજતા રહ્યા. એક સામાન્ય ભારતીય નાગરિક, જેને પીઠમાં તીવ્ર દુખાવો હતો, પોતાના ડોક્ટરે અહીં ભારતમાં લખેલી દવા Tramadol સાથે લઈને વિદેશ ગયા. એરપોર્ટ પર તેમને રોકવામાં આવ્યા. પૂછપરછ થઈ. પછી તપાસ. અને થોડી જ મિનિટોમાં તે 'દર્દી' માંથી 'આરોપી' બની ગયા અને હવે તે વ્યક્તિ જેલમાં છે. તેને કોઈ સ્મગ્લિંગ કરવું નહોતું. કોઈ નશો વેચવો નહોતો. એ વ્યક્તિ માત્ર પોતાનો દુઃખાવો ઘટાડવા માટે દવા લઈને ગયો હતો. પરંતુ તે દેશમાં Tramadol નશીલી દવા ( Narcotic drug ) ગણાય છે.

અહીંથી એક અત્યંત મહત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે, શું આપણે ખરેખર જાણીએ છીએ કે જે દવા આપણા માટે 'દવા' છે, તે વિદેશમાં 'અપરાધ' બની શકે છે?

દેશ બદલાય, કાયદો બદલાય. દવા નહીં. ભારતમાં આપણે દવાઓને એકદમ સહજ રીતે જોઈએ છીએ. ડોક્ટરે લખી, મેડિકલ સ્ટોર પરથી મળી, ઘરેથી લઈએ, મુસાફરીમાં પણ બેગમાં મૂકી લઈએ. પણ સમસ્યા ત્યાં ઊભી થાય છે જ્યારે આપણે ભારતની કાયદાકીય દ્રષ્ટિ દુનિયાભરમાં લાગુ પડે છે એમ માની લઈએ. હકીકતમાં, ભારતનો ડ્રગ કંટ્રોલ એક છે. યુએઈ, જાપાન, સિંગાપોર, સાઉદી અરેબિયા, કતાર, ઇન્ડોનેશિયા, દરેક દેશનો કાયદો અલગ છે. જે દવા અહીં 'Schedule H' અથવા **'Prescription drug'** છે, ત્યાં **'Narcotic'** અથવા **'Psychotropic substance'** હોય શકે છે. કાયદો દવાને નહિ, રિસ્કને જુએ છે. આવી ઘણી દવાઓ છે. પણ, ટ્રામાડોલ -**Tramadol** એક ઉત્તમ ઉદાહરણ છે. આ દવા ભારતમાં કરોડો દર્દીઓ લે છે. પરંતુ, યુએઈ, ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, સાઉદી અરેબિયામાં તે ઓપીયોઇડ નાર્કોટિક છે. અહીં તેની માલિકી પણ જેલલાયક ગુનો છે. અત્યારે જે વ્યક્તિ પકડાયો, તેની પાસે માત્ર 10-15 ટેબલેટ હતી. કોઈ વ્યાપાર નહોતો. પરંતુ કાયદા માટે એ દવાની માત્ર હાજરી પૂરતી હતી. "ડોક્ટરે લખી છે અને પ્રિસ્ક્રિપ્શન છે", આ દલીલ વિદેશમાં કામ કરતી નથી. ઘણા લોકો માને છેઃ "મારી પાસે પ્રિસ્ક્રિપ્શન છે, તો કોઈ સમસ્યા નહીં થાય." પરંતુ ઘણા દેશોમાં પ્રિસ્ક્રિપ્શન હોવા છતાં પણ દવા ગેરકાયદેસર ગણાય છે. કેમ? કારણકે તે દેશ એ દવાને ડ્રગનો દુરુપયોગ, ગેરકાયદેસર વેપારનું જોખમ, દાણચોરી, જાહેર સલામતીનો ખતરો, નશીલા પદાર્થરૂપે જુએ છે. કાયદો તમને દર્દી તરીકે નથી જોતો, તે તમને **possessor of a controlled substance** તરીકે જુએ છે.

***ભારતીય મુસાફરો સૌથી વધુ ફસાય છે એ દવાઓ કઈ છે? યસ, રેડ એલર્ટ! વિદેશ જતા પહેલા આ દવાઓ ખાસ ચેક કરો.***

વિદેશ પ્રવાસે જતા ભારતીય મુસાફરો સૌથી વધુ મુશ્કેલીમાં ફસાય છે કેટલીક એવી દવાઓને કારણે, જે ભારતમાં સામાન્ય રીતે વપરાય છે પરંતુ ઘણા દેશોમાં તેને નશીલી, નિયંત્રિત અથવા ગેરકાયદેસર દવા તરીકે ગણવામાં આવે છે.

» **ઉદાહરણ તરીકેઃ Tramadol,** જે ભારતમાં એક સામાન્ય પેઇનકિલર છે, તે ઘણા દેશોમાં નશીલી દવા **(Narcotic drug)** ગણાય છે. એટલે તેની માત્ર હાજરી પણ ત્યાં જેલ સુધી લઈ જઈ શકે છે.

» એ જ રીતે **Codeine** વાળું ખાંસીનું સિરપ, જે આપણે અહીં બિન્દાસ્ત પીએ છીએ, તે ઘણા દેશોમાં Opioid drug તરીકે નોંધાયેલ છે અને નશાની દવા તરીકે કડક નિયંત્રણ હેઠળ આવે છે.

» **Alprazolam** જેવી ચિંતા અને ઊંઘ માટેની દવા ઘણા દેશોમાં Psychotropic drug ગણાય છે એટલે કે માનસિક અસર કરતી દવા તરીકે તેની સરકારની પરવાનગી વગર લાવવું ગુનો બની શકે છે.

» **Diazepam,** જે ઊંઘ અને સ્નાયુઓ માટે આપવામાં આવે છે, તે ઘણી જગ્યાએ Controlled drug છે, એટલે તેને લઈ જવા માટે એ સરકારની ખાસ મંજૂરી જરૂરી હોય છે.

» **Zolpidem,** જે અનિદ્રા માટે ભારતમાં ખૂબ સામાન્ય છે, તે કેટલાંક દેશોમાં સીધી બેન્ડ **(Banned),** પ્રતિબંધિત દવા ગણાય છે.

» **Pregabalin,** જે નસના દુખાવા અને ડાયાબિટિક ન્યૂરોપથીમાં વપરાય છે, તે ઘણા દેશોમાં Restricted drug છે, એટલે કે ચોક્કસ મર્યાદા અને પરમિશન વગર લઈ જવી ગેરકાયદેસર બને છે.

» આ ઉપરાંત ADHD માટેની કેટલીક દવાઓ, જે ભારતમાં ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન પર માન્ય છે, તે અનેક દેશોમાં સંપૂર્ણપણે Illegal ગેરકાયદેસર ગણાય છે અને દુઃખની વાત એ છે કે આ બધી દવાઓ મોટા પ્રમાણમાં આપણા ઘરમાં હોય છે. આ પણ થોડા ઉદાહરણો છે. સંપૂર્ણ લિસ્ટ નથી.

**ઘણા દેશોમાં પ્રિસ્ક્રિપ્શન હોવા છતાં પણ દવા ગેરકાયદેસર ગણાય છે. કારણ કે તે દેશ એ દવાને ડ્રગનો દુરુપયોગ, ગેરકાયદેસર વેપારનું જોખમ, દાણચોરી, જાહેર સલામતીનો ખતરો, નશીલા પદાર્થરૂપે જુએ છે**

### એરપોર્ટ પર શું થાય છે?

એરપોર્ટ પર તમારી બેગ સ્કેન થાય છે, દવા મળી જાય, નામ narcotic list માં હોય હોય એ દવાનું, તો તમને અલગ લઈ જાય, પૂછપરછ, તપાસ, અટકાયત અને ત્યાર પછી કેસ શરૂ થાય છે. તમે સમજાવશોઃ "મને દુખાવો હતો", "મારે ડોક્ટર છે એમની સાથે વાત કરો, એમનું જ પ્રિસ્ક્રિપ્શન છે." પરંતુ કાયદા પાસે માત્ર એક પ્રશ્ન છેઃ "શું આ દવા અમારા દેશમાં કાયદેસર છે?" જો જવાબ "ના"હોય તો બાકી બધું ગૌણ છે.

### ડોક્ટર તરીકે હું કેમ આ લખી રહ્યો છું?

હું રોજ ક્લિનિકમાં ઘણા દર્દીઓ જોઉં છું. એમની ચિંતા, દ્વિધા, કહાની, તકલીફો, બધી વાતો સાંભળું છું, સમજુ છું અને એમાં ઘણા કહે છેઃ "ડોક્ટર, અમે દીકરી પાસે દુબઈ જઈએ છીએ"/ "કેટલાંક મહિના માટે દીકરાને ત્યાં અમેરિકા જઈએ છીએ" વગેરે વગેરે... અને સાથે બેગમાં ઊંઘની દવા, નસની દવા, પેઇનકિલર લખી આપજો એ લઈને જવાના છીએ. કોઈએ એમ નથી પૂછ્યુંઃ "આ દવા ત્યાં લીગલ છે કે નહીં?" અને આ અજ્ઞાનતા જ સૌથી મોટું જોખમ છે. 5 મિનિટમાં આપ તમારી જાતને બચાવી શકો છો.

### વિદેશ જતા પહેલા આ 5 પગલાં અપનાવો

1. Google કરો.
"Is Tramadol legal in UAE?"
દરેક દવા અને દેશ માટે. આ રીતે કરો.

2. દૂતાવાસ / એમ્બેસી વેબસાઇટ જુઓ.
'Prohibited medicines list' - પ્રતિબંધિત દવાઓની યાદી ચેક કરો.

3. જો શંકા હોય, દવા બદલો.
તમારા ડોક્ટર પાસે સલામત વિકલ્પ પૂછો.

4. ડોક્ટરનો પત્ર/ પ્રિસ્ક્રિપ્શન સાથે રાખો જે જેનેરિક નામ સાથે અંગ્રેજીમાં હોય.

5. ઓરિજિનલ પેકિંગમાં જ રાખો.
છુટ્ટી દવા કે છુટ્ટા પત્તા / strips સૌથી વધુ શંકાસ્પદ લાગે છે.

યાદ રાખો દવા શરીરને બચાવે છે પણ ખોટા દેશમાં એ જ દવા સ્વતંત્રતા છીનવી શકે છે. વિદેશ પ્રવાસ માત્ર ટિકિટ અને વિઝા નથી. તે કાયદાની સમજ પણ છે. જો તમે કે તમારા પરિવારના કોઈ સભ્ય વિદેશ જવાના હોય, આ લેખ તેમને જરૂર વંચાવજો. શક્ય છે, એક નાની માહિતી એક આખી જિંદગીની મુશ્કેલી બચાવી શકે. કારણ કે દવા તમારી છે, પણ કાયદો તેમનો છે.●

## ઇત્તેફાક્

**ઇત્તેફાક :**

એ ભલેને ભવ્યને નમતો રહ્યો,
હું તો કેવળ સત્યને નમતો રહ્યો.

**-સુનીલ શાહ**